ગાંધીનગર સમાચાર


## પુસ્તક પ્રાપ્તિ

જાન્યુઆરી માસ દરમિયાન નીચે મુજબનાં પુસ્તકો ગાંધીનગર સમાચારને મળ્યાં છે, જેની સાભાર નોંધ લેવામાં આવે છે.





**સફળતા માટે રૂપિયા જરૂરી નથી**

સફળ ઉદ્યોગકાર અને નોબલ રિફ્રેક્ટરીઝના સ્થાપક ઘનશ્યામભાઈ ઢોલરિયાની સફળ યાત્રા આલેખતું પુસ્તક.
લેખક : નટવર આહલપરા અને સુનિલ જોષી
પ્રકાશક : અવનિકા પ્રકાશન, અમદાવાદ
(મો. ૯૮૭૯૦ ૦૧૦૮૧)
કિંમત : રૂા. ૧૦૦




**પાઠલેખક પરિચય**

ધોરણ-૫થી ૧૨નાં પાઠ્યપુસ્તકોમાં ગુજરાતી વિષયમાં જેમની ગદ્ય-પદ્ય કૃતિઓનો સમાવેશ થયો છે તેવા ૧૫૧ સર્જકોનો પરિચય સમાવતું પુસ્તક.
લેખક : ડો. રમેશ પંડ્યા
સંપાદક : ડો. બી એમ દવે
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, અમદાવાદ
(ફોન : ૨૨૧૪૪૬૬૩)
કિંમત : રૂા. ૩૦૦




**ધ મેયર ઑફ કેસ્ટરબ્રિજ**

વિદેશી સાહિત્યકાર, કવિ ટોમસ હાર્ડીની નવલકથાનો ગુજરાતી અનુવાદ.
લેખક : ટોમસ હાર્ડી
અનુવાદ : સુરેશ શુક્લ
પ્રકાશક : હર્ષ પ્રકાશન, અમદાવાદ
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન (ફોન : ૨૨૧૪૪૬૬૩)
કિંમત : રૂા. ૮૦




**બાળપુષ્પોને મહેકવા દો**

બાળકોના સમતોલ વિકાસ માટે માર્ગદર્શન આપતું મનોવૈજ્ઞાનિક પુસ્તક.
લેખક : ડો. ઊર્મિલા શાહ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન (ફોન : ૨૨૧૪૪૬૬૩)
કિંમત : રૂા. ૧૭૦

### ચાણક્ય આઈએએસ ઍકેડેમીના સહયોગથી સ્મિત મ્યુઝિક, ગાંધીનગરના બૅનર તળે

# શહેરના કલાકારોએ 'શામ મસ્તાની' બનાવી



સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ચાણક્ય આઈએઍસ ઍકેડેમીના સહયોગથી રાજેશ ખન્નાની સ્મૃતિમાં જૂનાં-નવાં હિન્દી ફિલ્મી ગીતોના સુરીલા કાર્યક્રમનું આયોજન તા. ૨૨મી જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું.

ચાણક્ય આઈએઍસ ઍકેડેમી, નીતિન પટેલના સહયોગથી ગાંધીનગરના ૧૦ જેટલા કલાકારોને લઈને બૉલીવૂડના પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્નાની સ્મૃતિમાં જૂનાં-નવાં હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'યે શામ મસ્તાની' યોજવામાં આવ્યો હતો. ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમ માટે રસજ્ઞોને નિઃશુલ્ક પ્રવેશ પાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાંધીનગરના કલાકારો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા અગ્રણી સંસ્થાઓના વડાઓ ઉપરાંત ફિલ્મી ગીતોમાં રસ ધરાવતા નગરજનો પણ ઉપસ્થિત રહ્યા હતા, જેમને સંસ્થા દ્વારા નિઃશુલ્ક ઍન્ટ્રી અને નિઃશુલ્ક મૅમ્બરશીપની પણ ઑફર કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



ગોવિંદભાઈ રામભાઈ મોચી
મો. ૮૪૦૧૬ ૭૫૦૭૦



શ્વેતા કૌશિકભાઈ સુખડીયા
મો. ૭૮૧૮૮૧૩૬૭૭

## બીપીસીસીઍસનું ગૌરવ : સવિતા ચૌધરી



ગાંધીનગર, તા. ૨૪

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ - પીજીડીસીએની વિદ્યાર્થીની સવિતા ચૌધરીએ ગાંધીનગર ખાતે 'ક્લિન ગાંધીનગર ગ્રીન ગાંધીનગર' વિષયે જાગૃતિ માટે ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ફર્મેશન ઍન્ડ કમ્પ્યુટર ટેકનોલૉજીના યજમાન પદે આયોજિત હાફ મૅરેથોનમાં ભાગ ૭ કિમીની આ હાફ મૅરેથોન માત્ર ૩૦ મિનીટમાં પૂર્ણ કરી જિલ્લા કક્ષાએ દ્વિતિય વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકા અને ગાંધીનગર ટ્રાફિક પોલીસના સહયોગથી આયોજિત આ હાફ મૅરેથોનમાં ૧ હજાર કરતાં વધુ દોડવીરોએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે શાહીબાગ, અમદાવાદ ખાતે આયોજિત ૧૬૦૦ મીટરની દોડ માત્ર ૬ મિનિટ ૪૦ સૅકન્ડમાં પૂર્ણ કરીને સવિતાએ ૨૦૦ જેટલા દોડવીરો પૈકી પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

તેણીની આ સિદ્ધિ બદલ સંસ્થા પરિવાર અને કૉલેજ પરિવાર વતી ડૉ. સંજય ઍમ શાહ અને સંયોજક ડૉ. અભિજિતસિંહ જાડેજાએ તેણીને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

## બી કેશરશિવમ્‌ની આત્મકથા મરાઠીમાં

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સાહિત્યકાર બી કેશરશિવમ્‌ની આત્મકથા 'પૂર્ણ સત્ય'નું મરાઠીમાં ભાષાંતર સુધાબેન બોડા દ્વારા કરવામાં આવ્યું છે.

પુના ખાતે ઍસ ઍમ જોષી ફાઉન્ડેશનના સભાગૃહમાં આ આત્મકથાનો વિમોચન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાધના પ્રકાશન અને સાને ગુરુજી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે સાધનાના સંપાદક વિનોદ શિરસાઠેએ અતિથિઓનો પરિચય આપ્યો હતો ત્યારબાદ સાવિત્રીબાઈ ફૂલે પૂણે યુનિવર્સિટીના મરાઠી ભાષા વિભાગના ડીન મનોહર જાધવ, મુંબઈ યુનિવર્સિટીના મરાઠી વિભાગનાં પૂર્વ ડીન મીનાબેન ગોખલે, સાને ગુરુજી રાષ્ટ્રીય સ્મારકનાં અધ્યક્ષ નીરજાબેન દ્વારા પોતાનાં વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. એ પછી ભાષાંતરકાર સુધાબેન અને લેખક બી કેશરશિવમ દ્વારા પ્રતિભાવ આપવામાં આવ્યા હતા. સમારોહના અધ્યક્ષ મરાઠી સાહિત્યકાર ઉત્તમ કાંબલેએ જણાવ્યું હતું કે 'પૂર્ણ સત્ય' મારી જ આત્મકથા હોય એવું લાગ્યું છે.

## જે ઍમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે 'બેટી બચાવો સપ્તાહ'ની ઉજવણી સંપન્ન

### વિદ્યાર્થીનીઓ દ્વારા ફૅશન પરેડ અને ટૅલેન્ટ ઈવનિંગનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સૅક્ટર-૭ ખાતે બેટી બચાવો સપ્તાહ તથા દીકરી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આચાર્ય સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ ૧૮ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરી દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન સપ્તાહની ઉજવણી અંતર્ગત કરવામાં આવ્યું હતું. ૧૮ જાન્યુઆરીના રોજ 'સ્ત્રી ભ્રૂણ હત્યા - એક મહાપાપ' વિષયે વક્તૃત્ત્વ સ્પર્ધા, 'બેટી બચાવો બેટી પઢાઓ' વિષયે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્ત્વ સ્પર્ધામાં કાજલ ચૌધરી, આરતી ચૌધરી ભાર્ગવી દવે તથા નિબંધ સ્પર્ધામાં નિરાલી ત્રિવેદી, શીતલ પટેલ અને ચાર્મી પટેલ અનુક્રમે વિજયી બન્યાં હતાં.

તા. ૧૯ના રોજ ધોરણ૧૧ સાયન્સની વિદ્યાર્થીનીઓ દ્વારા વિષય સંદર્ભે નાટક તથા તા. ૨૦ના રોજ ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થીનીઓ દ્વારા ફૅશન પરેડ અને ટૅલેન્ટ ઈવનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૧ના રોજ ઍનઍસઍસ તથા ઍનસીસી કૅડેટ્સ દ્વારા શહેરીજનોમાં વિષય પરત્વે જાગરૂકતા ફેલાવવા માટે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૨ના રોજ કલેક્ટર સતીષભાઈ પટેલ, મંડળના અગ્રણી શંકરભાઈ ચૌધરી, સોંધાભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી 'મતદારોમાં મતદાન જાગૃતિ' માટે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તા. ૨૩ના રોજ 'જનસંપર્ક તથા જનજાગૃતિ' વિષયક કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીનીઓનો માનસિક તણાવ દૂર થાય તે માટે શાળાનાં મનોવિજ્ઞાન વિષયનાં શિખક ઉર્મિલાબેન ચૌધરી દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તા. ૨૪ના રોજ 'બેટી વધામણાં' કાર્યક્રમ અંતર્ગત શાળાનાં જે શિક્ષકોને ઘેર દીકરીઓ છે એવાં શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્ય સંતોકબેન ચૌધરી, ભાનુબેન સુથાર, ચેતનાબેન ચૌધરી, વીણાબેન ચૌધરી તથા ઉચ્ચ સ્થાને પહોંચેલી શાળાની પૂર્વ વિદ્યાર્થીનીઓનું પણ આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમીલાબેન ચૌધરી, શરીફાબેન દેસાઈ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ગજબ દુનિયા છે સાહેબ!
પહેલાં કંઈ નહોતો કરતો
તો લોકો કહેતા હતા,
રખડી ખાય છે
ને હવે એમ કહું છું કે
રજા નથી મળતી
તો કહે છે
મોટો માણસ થઈ ગયો!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રઈસ
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કાબિલ
૧.૦૦, ૪.૦૦
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
રઈસ
૧૦.૦૦, ૨.૦૦, ૭.૪૫
કાબિલ
૫.૦૦
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી હિન્દી)
૧૦.૩૦

**સ્ક્રીન-૪**
ધ ફૂ (હિન્દી)
૭.૦૦
દંગલ
૩.૩૦
રઈસ
૧૧.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
કાબિલ
૧૦.૦૦. ૨.૩૦. ૮.૩૦
રઈસ
૫.૩૦

# 'થોડુંક વધારે' જીવનની દિશા બદલી શકે છે




vamlani@yahoo.co.uk

સંગીતનો એક સુંદર કાર્યક્રમ હતો. રાષ્ટ્રીય કક્ષાના ગાયક કલાકારનો એ કાર્યક્રમ હતો. કાર્યક્રમમાં ગાયક સોળે કળાએ ખીલ્યા હતા. કલાકાર ની સાથે સાથે બે-અઢી હજારની સંખ્યામાં શ્રોતાઓ પણ હિલોળે ચઢ્યા હતા. ગાયક વિવિધ રસનાં અને વિવિધ મુડનાં ગીતોથી શ્રોતાઓને રસતરબોળ કરતાં હતા. લગભગ સાડાત્રણ કલાકનાં કાર્યક્રમની રસ્લ્હાણ પીરસ્યા પછી રાત્રે એક વાગ્યે ગાયક કલાકારે કાર્યક્રમ પૂરો થયેલો જાહેર કર્યો. કાર્યક્રમ પૂરો થયેલો જાહેર કર્યો કે તુરત જ શ્રોતાઓમાથી 'વન મોર- વન મોર'' ની બૂમો પાડવા લાગી. 'વનમોર' ની બૂમો સાથે વિવિધ ગીતોની પણ ફરમાઈશ આવવા લાગી. કલાકારે બે હાથ જોડીને વિનંતી કરી કે આમ ને આમ જો 'વનમોર' ની ફરમાઈશ આવતી જ રહેશે તો આમ ને આમ સવાર પડી જશે. આમ કહી કલાકારે કાર્યક્રમ પૂરો થયો છે એવું બીજી વાર જાહેર કર્યું. કલાકારની જાહેરાતથી શ્રોતાઓ હાથમાં ના રહ્યા અને 'વન મોર' ની ફરમાઈશ ચાલુ જ રાખી. અંતે કલાકારે શ્રોતાઓની માગણીને માન આપીને પોતાનું એક ખૂબ જ લોકપ્રિય ગીત રજૂ કર્યું. આમ શ્રોતાઓની ફરમાઈશ મુજબ 'વનમોર' કૃતિ કલાકારે રજૂ કરી પછી જ શ્રોતાઓને સંતોષ થયો. શ્રોતાઓએ પોતાનો સંતોષ અને આનંદ તાડીઓનાં ગડગડાટથી વ્યક્ત કર્યો.

અનેક સાંસ્કૃતિક અને ગીતસંગીતના કાર્યક્રમોમાં શ્રોતાઓની 'વન્સમોર' કે 'વનમોર' જેવી ફરમાઈશનાં આપણે સાક્ષી છીએ. શ્રોતાઓની ફરમાઈશ પ્રમાણે જો કલાકાર 'વન્સમોર' કે 'વનમોર' રજૂઆત ના કરે, તો શ્રોતાઓને અધૂરપ વર્તાય ચ્હે અને શ્રોતાઓને પૂર્ણ સંતોષ થતો નથી. આમ 'વન્સમોર' કે 'વનમોર' ની ફરમાઈશમાં 'થોડુક વધારે' માણવાની શ્રોતાઓની ઈચ્છા પ્રગટ થતી હોય છે. એ ઈચ્છા પૂરી થાય તો જ શ્રોતાઓને પૂર્ણ સંતોષ થાય છે. એક કુટુંબ કારમાં પ્રવાસ કરી રહ્યું હતું. શિયળાની ઋતુ હતી એટલે બોરની સિઝન હતી. કાર હાઈવે ઉપર દોડી જતી હતી. હાઈવે ઉપર થોડા થોડા અંતરે બોર વેચનારા બોરના સુંડા ભરીને બેઠા હતા. હાઈવે ઉપરથી પસાર પ્રવાસીઓને આકર્ષવા માટે તેઓ વિવિધ પ્રકારે પ્રયત્ન કરતાં હતા. એ કુટુંબની કાર પણ બોર ખરીદવા માટે હાઈવે ઉપર એક જગ્યાએ ઊભી રહી. કાર ઊભી રહી ત્યાં લગભગ બારેક વર્ષની એક એક છોકરી બોર વેચવા માટે ઊભી હતી. કારમાથી એક સભ્ય ઉતર્યુ, બોર તપાસ્યા, ભાવતાલ કર્યા પણ વાત કઈ જામી નહીં એટલે એ કાર ત્યાંથી આગળ વધી. સોએક મીટર આગળ જઈને બીજા કોઈ બોર વેચતા હતા ત્યાં કાર ઊભી રહી. ત્યાં બોર જોયા, ભાવતાલ થતાં હતા ત્યાં તો પેલી બારેક વર્ષની છોકરી બોરનો ટોપલો લઈને પોતાની જગ્યાએથી દોડીને તે કાર પાસે આવીને ઊભી રહી. એ કુટુંબના એક સ્ત્રી સભ્ય અન્ય વ્યક્તિ પાસેથી બોર ખરીદવા માટે બોર વીણતા હતા અને પેલી છોકરી એક મૌન નિર્દોષ સ્મિત વેરતી ત્યાં માત્ર ઊભી રહી. છોકરીને દૂરથી બોરનો ટોપલો ઉપાડીને પોતાની પાસે આવેલી જોઈને એ કુટુંબના બીજા સભ્યએ એ છોકરી પાસેથી પણ થોડા બોર ખરીદવાનું સૂચન કર્યુ અને એ છોકરી પાસેથી પણ બોર ખરીદ્યા. છોકરી રાજી થતી પોતાને સ્થાને પછી ફરી અને કાર ત્યાંથી આગળ ચાલી.

આ ઘટનામાં પેલી બોર વેચવા વાળી છોકરી, માથે વજનદાર ટોપલો ઉપાડીને, થોડુક વધારે ચાલીને, થોડીક વધારે મહેનત કરીને, કાર સુધી આવી, એટલે તેના બોર વેચાયા. જીવનના દરેક ક્ષેત્રમાં 'થોડુક વધારે'ની જરૂર હોય છે. કલાકાર થોડુક વધારે મનોરંજન પીરસે તો શ્રોતાઓને સંતોષ આપી શકે છે. થોડુક વધારે ચાલે તો બોર વેચનાર છોકરી પોતાના બોર વેચી શકે છે. આમ જીવનમાં 'થોડુક વધારે' કરવાથી 'થોડુક વધારે' આપવાથી, જીવનમાં ઘણું વધારે મેળવી શકાય છે. 'થોડુક વધારે' કરવાથી જીવનમાં એક નવો વળાંક આવી શકે છે, 'યુ ટર્ન' આવી શકે છે.

અંગ્રેજીમાં એવું કહેવાય છે કે વન મોરે ડે કેન બેન્ડ યોર લાઈફ. અર્થાત જીવનનો એક વધારાનો દિવસ વ્યક્તિનું જીવન બદલી શકે છે, જીવન ને સાર્થક કરી શકે છે.

દરેક વ્યક્તિ પોતાના જીવનના વિકાસ માટે, સ્વ-વિકાસ માટે અથાગ પ્રયત્નો કરતી જ હોય છે. સ્વ-વિકાસ માટે વ્યક્તિ જે કંઈ પ્રવૃતિ કે જેટલા પ્રયત્નો કરતી હોય તેના કરતાં પ્રયત્નોમાં થોડુક વધારે કરે તો જીવનની દશા અને દિશા બંને બદલી શકાય છે. જીવનમાં થોડુક વધારે ચાલવાથી, થોડુક વધારે શીખવાથી, થોડુક વધારે કામ કરવાથી. થોડાક વધારે પ્રયત્નો કરવાથી, થોડીક વધારે મહેનત કરવાથી, થોડુક વધારે વાંચવાથી, થોડુક વધારે લખવાથી, થોડુક વધારે રમવાથી, થોડુક વધારે ફરવાથી, થોડુક વધારે હસવાથી, થોડોક વધારે આનંદ કરવાથી, થોડુક વધારે હળવા-મળવાથી જીવનમાં વધારે નિખાર આવી શકે છે.

એવું જ માનવીય સંબંધોનું પણ છે. માનવીય સંબંધોમાં પણ થોડુક વધારેનું એટલું જ મહત્વ છે. નવા સંબંધો બાંધવા કે કેળવવા માટે વ્યક્તિએ પોતે સામેથી, થોડુક વધારે ચાલીને, બે ડગલાં વધારે આગળ આવવું પડે. વ્યક્તિ પોતે બે ડગલાં વધારે ચાલશે તો કદાચ સામેની વ્યક્તિ ચાર ડગલાં વધારે ચાલીને આવશે. વ્યક્તિ પોતે થોડુક વધારે ચાલવાને બદલે પોતાની જગ્યાએ જ ઊભી રહી જશે તો સામેની વ્યક્તિ પોતે બે ડગલાં વધારે ચાલશે એવી અપેક્ષાઓ રાખવી વધારે પડતી ગણાશે. સંબંધો બંધાયા પછી તેને વિકસાવવા અને ટકાવવા માટે વ્યક્તિએ પોતે થોડુક વધારે ઘસાવું પડે, થોડુક વધારે જતું કરવું પડે, થોડોક વધારે ત્યાગ કરવો પડે, થોડોક વધારે ભોગ આપવો પડે અને સંબંધો માટે થોડોક વધારે સમય પણ કાઢવો પડે. આવું ના થઈ શકે કે ના કરીએ તો સંબંધો કદાચ સ્થિર થઈ જાય. સંબંધોને પણ થોડીક વધારે લાગણીની, પ્રેમની, હુંફ ની જરૂર હોય છે. સંબંધોને જો થોડીક વધારે હુંફ, લાગણી કે પ્રેમ ના મળે તો સંબંધો કદાચ થીજી પણ જાય. થીજી ગયેલા બરફ જેવા હોય છે. તેને પણ પીગળવા માટે બરફની જેમ થોડીક હુંફ ની જરૂર પડે છે.

'થોડુક વધારે' કરવામાં કે 'થોડુક વધારે' આપવામાં પણ એક આશા છુપાયેલી હોય છે. 'થોડુક વધારે' કરવાથી વ્યક્તિને ક્યારેય વધારે શ્રમ નથી પડતો, માનસિક થાક નથી લાગતો, વધારે પડતું ખર્ચાવું નથી પડતું કે વધારે પીડા પણ નથી થતી. તેને બદલે, થોડુક વધારે કરવાથી વ્યક્તિને વધારે આનંદ પ્રાપ્ત થાય છે અને સંબંધો વધારે પ્રગાઢ બને છે. આમ જો વધારે પીડા ભોગવ્યા વિના, વધારે મુશ્કેલીયો ભોગવ્યા વિના વધારે પ્રાપ્ત કરવું હોય તો 'થોડુક વધારે' ના સૂત્ર ને જીવનમાં અમલમાં મૂકવું પડે. તો 'થોડુક વધારે' ના મહિમાને સમજીએ, જીવનમાં તેનો અમલ કરવા માટે 'થોડોક વધારે' પ્રયાસ કરીએ તો જીવનમાં 'અપાર' પ્રાપ્ત કરી શકીએ.



## વાચકોને આમંત્રણ

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી જીવન પ્રેરણા'**